**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1**
**AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO.50151/2021**

**order below Exh.1**

(૧) પોલીસ દ્વારા દાખલ ચાર્જશીટ અને કેસપેપર્સ વંચાણે લીધા. સદરહુ કેસમાં ત.ક.અધિ.શ્રીએ તપાસના અંતે આરોપી સામે ઇ.પી.કો.કલમ–૧૮૮ મુજબનું ચાર્જશીટ કરેલ છેજે કોગ્નીઝેબલ છે. પરંતુ ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા ઇ.પી.કો.કલમ–૧૭૨ થી ૧૮૮ તળેના ગુનાઓ માંટે ત્યાં સુધી ગુનાનું કોગ્નીઝન્સ લઇ શકાય નહી જયાં સુધી આ ગુનાની ફરિયાદ સંબંધિત રાજય સેવક કે અધિકારી કે વહીવટી અધિકારી તરીકે ફરિયાદ ન કરે. સદરકેસમાં ચાર્જશીટ કરેલ છે જેમાં પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાના હુકમનો ભંગ થયેલ છે પરંતુ પોલિસ કમિશ્નનરશ્રી કે તેમના ઉપરી અધિકારી દ્વારા ફરિયાદ થયેલ નથી. આ કામે હવે ૧૯૬૨ એસ.સી.પેજનં.૧૨૦૬ (નામ. સુપ્રિમકોર્ટ) પરનો દોલતરામ વિ.સ્ટેટ ઓફ પંજાબના ચુકાદામાં ઠરાવ્યા મુજબ મેજીસ્ટ્રેટ દ્વારા પોલિસ રીપોર્ટ ઉપરથી કોગ્નીઝન્સ લઇ તકસીરવાન ઠરાવેલ પરંતુ ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ નો બાધ્ હોઇ તેથી તે સજા મેજીસ્ટ્રેટની હકુમતવિનાની ગણાય જેથીકાર્યવાહી મુળથી જ વ્યર્થ ગણાય એટલે કે ab intio void ગણાય. વધુમાં ૧૯૯૯ સીઆરએલજે પેજન.૧૨૪૪ (નામ.ગુજરાત હાઇકોર્ટ) રામજી ભીખા કોળી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે લેખિત ફરિયાદ હોવી જોઇએ જો ન હોયતો ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ નો બાધ્ નડે જે કેસમાં ફરિયાદપક્ષને નવી રીતે કાર્યવાહી કરી શકશે તેવુ ઠરાવેલ .વધુમાં ૨૦૦૬(૦) સુપ્રિમ (પટના) પેજનં.૧૧૧૬ યાદવ વિ. સ્ટેટ ઓફબિહારના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે, રાજય સેવક કે અધિકારીના હુકમનો ભંગ થયેલ હોય ત્યારે રાજય સેવક કે વહીવટી અધિકારીએ ફરિયાદ કરવી પડે તેના તાબા હેઠળના અધિકારી ફરિયાદ ઓથોરાઇઝ તરીકે શકે નહી. વધુમાં નામદાર બોમ્બે હાઇકોર્ટનો નાગપુર બેન્ચનો ચુકાદો ક્રિમીનલ મિસી.એપ્લી.૪૫૩/૨૦૨૦, તા.૨૧/૦૯/૨૦૨૦નો વંચાણે લેતાં પણ ઇ.પી.કો. કલમ ૧૮૮ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની કલમ ૫૧ના આક્ષેપ હોય ત્યારે કલમ ૬૦નો બાધ નડે કારણ કે અત્રેની અદાલતમાં કોઈ ફરીયાદ થયેલ નથી.

આમ સદરકેસમાં ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ મુજબનો બાધ નડતો હોઇ જેથી હવે ચાર્જશીટ આધારે આરોપી સામે કાર્યવાહી કરી શકાય નહી. જેથી ચાર્જશીટને દફતરે કરવાનો હુકમ કરવામા આવે છે.આ તબક્કે સ્પષ્ટતા કરવામાં આવે છે કે કાયદા મુજબ પોલિસ અલગથી કાર્યવાહી થવા પાત્ર હોય તો તે કરી શકશે. આ કામે મુદ્દામાલ પોલિસ કાયદા મુજબ પ્રકિયા કરી મેળવી/નાશ થવાનો કે કાયમી હુકમ અદાલતની પરવાનગી મેળવી કરી શકશે.

હુકમ આજરોજ તા. ૧૦/૦૭/૨૦૨૧ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 10/07/2021**

**Place :SPECIAL SITTING , AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**